# આસપાસ ચોપાસ

# હરિયા







## ગામમાં બે પ્રાથમિક શાળા અને બે આંગણવાડી

હરિયા ગામે ભૂલકાં પ્રારંભિક શિક્ષણ આંગણવાડીમાં મેળવી બાદમાં પ્રાથમિક શિક્ષણ ગામની બે શાળામાં લઈ રહ્યાં છે. નાનાં બાળકોને ગામથી દૂર ન જવું પડે એ માટે સરકારી આંગણવાડી અને પ્રાથમિક શાળા ઉપલબ્ધ છે. જો કે, સમયાંત્તરે આંગણવાડી અને પ્રાથમિક શાળા જર્જરિત થતાં પંચાયત અને અતુલ ફાઉન્ડેશન દ્વારા નવાં મકાન તૈયાર કરાયાં છે. જેમાં હાલ નાનાં બાળકો શિક્ષણ મેળવી રહ્યાં છે.

## હરિયાના ઘેલાભાઈ દેસાઈ અંગ્રેજ શાસનમાં સોલિસીટર રહ્યા હતા

હરિયા ગામે વસતા અનાવિલ સમાજના કંઈ કેટલાય લોકોએ વર્ષો પહેલાં તનતોડ મહેનત કરી અને ભણતરમાં અવ્વલ રહી પોતાની જિંદગીને ઊંચાઈનાં સોપાન સર કરાવ્યાં છે, જેમાં આપણે અગાઉ હરિ દુર્લભની વાત કરી ગયા. હવે ઘેલાભાઈ દેસાઈની વાત કરીએ. હરિયાના ઘેલાભાઈ દેસાઈ જેઓ અંગ્રેજ શાસનમાં સોલિસીટર પદે કાર્યરત રહ્યા હતા. અંગ્રેજના જમાનામાં ઉચ્ચ પગાર અને પોતાની લાયકાત વડે આગળ રહેલા ઘેલાભાઈએ તે સમયે ગામના વિકાસ માટે પણ યથાયોગ્ય દાન પણ આપ્યું હતું. તેમના નામે ઘેલાભાઈ ટ્રસ્ટ બનાવી સમગ્ર ગામમાં પશુ-પંખીઓને પીવાના પાણી માટે હવાડા બનાવી આપ્યા હતા. ઉપરાંત ગુલાબ મકનજી પારડી એજ્યુ.ના પ્રમુખ અને લલ્લુ દુર્લભ જેઓએ પારડી ડીસીઓના ગૃહપતિ તરીકે પણ સેવા બજાવી હતી. બ્રહ્માકુમારીના રોહિતભાઈ દેસાઈએ પણ પોતાની તમામ સંપતિ સંસ્થાને આપી દીધી હતી. ગામમાં આરોગ્યની સુવિધા મળી રહે તે માટે કૌશિક દેસાઈ, અશોક દેસાઈ અને દશરથ વશીના સહયોગથી સરકારી દવાખાનાનો પ્રારંભ તા.18-6-89થી થયો હતો. જે મકાન ખંડેર થઈ જતાં નવા મકાનમાં હરિયા પીએચસી શિફ્ટ કરાઈ હતી. જે હાલમાં ગામ લોકોને તમામ પ્રકારની મેડિકલ સારવાર આપી રહ્યું છે.

## મદન મોહન ગૌશાળા ગામનું ઘરેણું છે

ગૌ સેવા એ જ માધવ સેવા. હરિયા ગામે આવેલી એક વિશાળ વાડીમાં મદન મોહન ગૌશાળા કાર્યરત છે, જેમાં 150થી પણ વધુ ગીરની ગાયનું પાલનપોષણ થઈ રહ્યું છે. આ ગૌશાળા એક ટ્રસ્ટ સંચાલિત હોવાથી અહીં માંદી અને ઈજાગ્રસ્ત ગાયને લાવી તેની સારવાર કરાય છે. હરિયા ગામે કાર્યરત આ ગૌશાળા તેની આગવી કાર્યશૈલીથી સમગ્ર જિલ્લામાં જાણીતી બની રહી છે. ગાયમાતાની સેવા અને તેનું ભરણ પોષણ અહીં કાળજીથી કરવામાં આવી રહ્યું છે.

## PHC સબ સેન્ટરની વધુ સુવિધા મળશે




હરિયા ગામના લોકોની આરોગ્ય સુખાકારી માટે સતત પ્રયત્નશીલ પંચાયતની નવી સમિતિ દ્વારા સરકારમાં કરાયેલી રજૂઆત બાદ ગુપ્તેશ્વર મહાદેવ મંદિર સંકુલ નજીક રૂ.20 લાખથી વધુની ગ્રાન્ટ હેઠળ નવુ પીએચસી સબસેન્ટર બનવા જઈ રહ્યું છે. જેનું ખાતમુહૂર્ત બાદ કામગીરી આગળ ધપશે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલી જુદી જુદી ગ્રાન્ટ હેઠળ પીએમ આવાસ, હળપતિ આવાસ સહિત અનેક વિકાસકીય કામો ચાલી રહ્યાં છે.



## ગામના કિરીટભાઈ નાયક રણજી ટ્રોફી રમ્યા છે

હરિયા ગામના કિરીટભાઈ નાયક ગુજરાતની રણજી ટ્રોફી ટીમમાં પણ અગાઉ 1971-72થી લગાતાર 4 વર્ષ સુધી રમી ચૂક્યા છે. ખાસ બાબત એ છે કે, કિરીટભાઈની અફલાતુન બેટિંગ જોઈને લીજેન્ડ ક્રિકેટર સુનીલ ગાવસ્કરે તેમને ગુજરાત છોડી મુંબઈની ટીમમાં સામેલ થવા પણ જણાવ્યું હતું. ગુજરાતની રણજી ટીમમાં તેમની સાથે નિરંજન મહેતા, અશોક જોષી ઉપરાંત વેસ્ટ ઝોનમાં વીઝી ટ્રોફી રમતી વેળાએ તેઓ ગાવસ્કર, અંશુમાન ગાયકવાડ, સંદીપ પાટીલ, દિલીપ વેંગસકર, મોહિન્દર અમરનાથ સહિત અનેક નામી ખેલાડીઓ સાથે ક્રિકેટ મેચ રમી ચૂક્યા છે. વલસાડ બીડીસીએ સાથે પણ હરિયા ગામના વતની કિરીટભાઈ સંકળાયેલા છે.



## રેલવે ઓવરબ્રિજથી હજારો ગ્રામજનોને રાહત

હરિયા ગામમાંથી પસાર થતી મુંબઈ-અમદાવાદ રેલવે લાઈન પર ભારે ટ્રાફિક રહેતાં હરિયા સહિત આસપાસનાં ગામ ભગોદ, મગોદ, દિવેદ અને અતુલના ગ્રામજનોનો ખાસ્સો સમય વેડફાતો હતો. જો કે, રેલવે દ્વારા હરિયા ગામ પાસેના ફાટક પરથી નવો ઓવરબ્રિજ તૈયાર કરાતાં હજારો ગ્રામજનો, નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને રોજિંદા પસાર થતા લોકોને ઘણી જ રાહત થઈ ગઈ છે. આ બ્રિજ કુડિયા તળાવથી શરૂ કરી વેરી ફળિયા પાદર દેવી મંદિર પાસે ઊતરશે. ઉપરાંત ભગોદ તરફથી પણ આ બ્રિજ ઉપર થઈ વેરી ફળિયા આવી શકાશે.

## પૂર્વ સરપંચ પૂર્વીબેન રાઠોડનું ગામ માટે યોગદાન

ગામનાં પૂર્વ સરપંચ પૂર્વીબેન રાઠોડના પિતા બચુભાઈ પ્રેમાભાઈ તલાવીયા જેઓ વલસાડ જિલ્લા પંચાયતમાં એકાઉન્ટ વિભાગમાં ફરજ બજાવતા હતા. તેમની પાસેથી મળેલી વહીવટી કુનેહતા, સરકારી કામ કેવી રીતે પાર પાડવા તેમજ ગ્રામજનોની સુખાકારી માટે સરકારી કઈ કઈ યોજનાઓ કામ લાગે તેની વિસ્તૃત માહિતી તેમના પિતાજી પાસેથી વારસામાં મળતાં પૂર્વીબેનને લોકોનાં કામ કરવા આસાન થઈ ગયાં છે. ગ્રામજનોની સુખાકારી માટે નવું પીએચસી, નવું આયુર્વેદ/ હોમિયોપેથી દવાખાનું, આંગણવાડી/ પ્રા.શાળાના નવા મકાન અને શેરી મહોલ્લામાં પાકા રસ્તા, પેવર બ્લોકના રસ્તા, સ્ટ્રીટ લાઈટ જેવી જરૂરિયાત પૂરી પાડી છે. ઉપરાંત ખુલ્લામાં શૌચમુક્ત ગામ તરીકે 2016માં હરિયાને જાહેર કરાયું હતું, જેમાં તેમની કાર્યશૈલી અગ્રેસર રહી હતી. કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં ગામનાં દરેક ફળિયામાં જરૂરી સહાય અને રસીકરણ થાય એ માટે તત્કાલીન સરપંચ પૂર્વીબેનના સતત પ્રયત્નશીલ રહ્યાં હતાં. ઉપરાંત કોરોનાના કપરાકાળમાં લોકો ટપોટપ મરવા લાગતાં વલસાડ શહેરનાં તમામ સ્માશનગૃહો હાઉસફૂલ થઈ ગયાં હતાં. કલેક્ટરના આદેશ બાદ શહેરની આસપાસંના ગામનાં સ્મશાનગૃહો પણ કાર્યરત કરાયાં હતાં, જેમાં હરિયા પંચાયત દ્વારા પણ પાર નદીના કિનારે તાત્કાલિક સ્મશાનગૃહ બનાવી મૃતકોનાં અગ્નિસંસ્કાર કરાયાં હતાં, જેમાં સરપંચે રાત-દિવસ દોડી માનવસેવાની કપરી કામગીરી પાર પાડી હતી. જેને લઈ વહીવટી તંત્રએ પણ તેની નોંધ લઈ જાહેર કાર્યક્રમમાં કોરોના વોરિયર્સનો એવોર્ડ એનાયત કરાયો હતો.



## ગામના લોકો રોજીરોટી માટે અતુલ કંપની પર નિર્ભર

હરિયા સહિત આસપાસનાં 7થી વધુ ગામના લોકો રોજીરોટી માટે અતુલ કંપની પર નિર્ભર છે. કેટલાંય વર્ષોથી સ્થાયી આ કેમિકલ કંપની અતુલ લિમિટેડમાં ઘણા લોકો ઉચ્ચ હોદ્દા પર કાર્યરત છે. હરિયા સહિત અનેક ગામોને અતુલ કંપની છેલ્લાં 22 વર્ષથી લોકોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડી રહી છે. ઉપરાંત નાનાં-મોટાં વિકાસશીલ કામોમાં પણ અતુલ કંપનીનું યોગદાન રહ્યું છે. અતુલ કંપની સંચાલિત અતુલ રૂરલ ડેવલપમેન્ટ સંસ્થા હરિયા સહિત આસપાસનાં ગામો સાથે જિલ્લાભરમાં સામાજિક કાર્યો સાથે માનવ ઉત્થાનના પણ કામ કરી માનવતા મહેકાવી રહી છે.

## ગામની દીકરીના આકસ્મિક મોતના પગલે તેના નામે જરૂરી સહાય

હરિયાના રહીશ અને દાનવીર પરિવારનાં ઉષાબેન(ઊર્મિ) પંકજભાઈ દેસાઈની એકની એક દીકરી જાનકીના પારડી ખાતે થયેલા અકસ્માતમાં આકસ્મિક નિધનથી સમગ્ર ગામ શોકાતુર બની ગયું હતું. ગામની આશાસ્પદ અને હોનહાર દીકરીના આકસ્મિક મોતના પગલે તેના નામે તેના માતા-પિતા દ્વારા ગામનાં વિકાસકીય કામોમાં જરૂરી સહાય કરાઈ છે. જેમાં હરિયા ગ્રામ પંચાયતના નવા મકાનને તા.28-10-2018ના રોજ જાનકી સ્મૃતિ ભવનના નામે અને સરકારી આયુર્વેદિક અને હોમિયોપેથી દવાખાનાને વર્ષ-2020માં જાનકી આરોગ્ય ધામના નામે સંપૂર્ણ સુવિધા સાથે બનાવી દાનમાં આપ્યાં છે.

## હરિયાના હરિ દુર્લભ દેસાઈ ઈસ્ટ આફ્રિકામાં શાળાના આચાર્ય હતા

હરિયાના રહીશ હરિભાઈ દુર્લભભાઈ દેસાઈ શાળા-કોલેજનો અભ્યાસ વલસાડ ખાતે પૂરો કરી 1921માં ઈસ્ટ આફ્રિકા ગયા હતા. જ્યાં તેઓ એક શાળાના આચાર્ય પદે પણ રહ્યા હતા. 1951માં ભારત પરત આવ્યા બાદ હરિભાઈ દુર્લભભાઈ કોર્ટની જ્યુડિશીમાં મેમ્બર રહ્યા હતા. ઉપરાંત મુંબઈ ખાતે ફિલ્મ સેન્સર બોર્ડના સભ્ય પણ રહ્યા હતા. ત્યાર બાદ માદરે વતન હરિયા આવી 11 વર્ષ પોલીસ પટેલ તરીકે, અટાર એજ્યુકેશન સોસાયટી અને હરિયા સહકારી મંડળીના ચેરમેન તરીકે પણ સેવા બજાવી હતી. હરિભાઈને બે દીકરા બટુભાઈ અને અરુણદેવ. બટુભાઈ શિક્ષક હતા. જ્યારે અરુણદેવ પ્રથમ નૈરોબી ખાતે ફાયઝર કંપનીમાં અને બાદમાં જર્મની ખાતે બાયર કંપનીમાં ડાયરેક્ટ તરીકે કાર્યરત રહ્યા હતા. અરુણદેવના નામે 5થી 6 દવાની પેટર્ન પણ છે. સંસ્કાર અને શિક્ષણમાં અવ્વલ પરિવારનો દીકરો અરુણદેવનો પુત્ર પ્રેમલ દેસાઈ જે હાલ થાયસન ક્રુપ કંપનીમાં સીઈઓ તરીકે ફરજ બજાવી રહ્યો છે. હરિયા ગામનું આ ગૌરવ સન્માન કહેવાય.

## હરિયા ગ્રામ પંચાયતના હોદ્દેદારો

- સરપંચ- મહેશભાઈ મંગુભાઈ યાદવ
- ઉપસરપંચ- તુષારભાઈ મહેશભાઈ પટેલ
- વોર્ડ નં.1 સભ્ય- રવિભાઈ અશોકભાઈ નાયકા
- વોર્ડ નં.2 સભ્ય- બિનલ ગૌરવભાઈ રાઠોડ
- વોર્ડ નં.3 સભ્ય- તારાબેન કીકુ રાઠોડ
- વોર્ડ નં.4 સભ્ય- ભાવનાબેન સંજય છોવાલા
- વોર્ડ નં.5 સભ્ય- અરવિંદભાઈ અમરતભાઈ રાઠોડ
- વોર્ડ નં.6 સભ્ય- મયુરીબેન ભાવિનભાઈ પટેલ
- વોર્ડ નં.7 સભ્ય- તુષારભાઈ મહેશભાઈ પટેલ
- વોર્ડ નં.8 સભ્ય- જયંતીભાઈ બચુભાઈ નાયકા
- તલાટી કમ મંત્રી- આશાબેન પરમાર

## ગામના તળાવનો વિકાસ કરી લોકોને સુવિધા અપાશે: સરપંચ

હરિયા ગ્રામ પંચાયતના સરપંચ મહેશભાઈ યાદવે જણાવ્યું કે, ગામના સર્વાંગી વિકાસ માટે હું અને મારી ટીમ સતત કામ કરી રહી છે. આવનારા સમયમાં ગામતળ તળાવનો વિકાસ કરી ગ્રામજનો માટે હરવા ફરવાની સુવિધા ઊભી કરાશે. સાથે મહત્ત્વના પ્રોજેક્ટમાં સુરક્ષાના હેતુસર સી સી.ટી.વી.થી ગામને સુસજ્જ કરવા જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. હાલ જ કોસ્ટલ હાઈવે ઓવરબ્રિજ શરૂ થયો હોવાથી સી.સી.ટી.વી. કેમેરા ફિટ કરવા જરૂરી છે. સરકાર અને જિલ્લા તાલુકા પંચાયત દ્વારા પણ ગ્રામ પંચાયતને જરૂરી સહયોગ સતત મળતો રહે છે.






